શ્રી ઘોઘાતીર્થમંડન

॥ શ્રી નવખંડા પાર્શ્વનાથાય નમઃ ॥

પરમારાધ્યપાદ શ્રી વૃદ્ધિ-નેમિ-ઉદયસૂરીશ્વર પાદપદ્મેભ્યો નમઃ

# 卐 ઘોઘા તીર્થ પરિચય 卐




* પ્રકાશક *


શ્રી ઘોઘા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક
તપગચ્છ સંઘ

શ્રી કાળા મીઠાની પેઢી, ઘોઘા.

સં. ૨૦૫૦ વીર સં. ૨૫૨૦ ઈ. સ ૧૯૯૪

કિંમત ૦-૫૦ પૈસા

[illegible] ંડા પાર્શ્વનાથ ભગવાન



— સ્વ. શાહ નગીનદાસ ચુનીલાલ
(ઘોઘાવાળા)ના સૌજન્યથી

# ઘોઘાતીર્થનો પરિચય.

ભાવનગરથી ૧૪ માઇલિ દૂર ઘોઘા નામે ગામ છે. ભાવનગરથી ઠેઠ સુધી પાકી સડક બાંધેલી છે. ઘોઘા ખંભાતની ખાડીના કીનાર ઉપર વસેલું પ્રાચીન સમયનું નામી બંદર છે. એક સમયે આ બંદર પીરમબેટની સ્પર્ધા કરતું હતું. ભાવનગર વસ્યુ નહોતું તે પહેલાં આ ગામ આબાદીભર્યું વિશાળ નગર લેખાતું. ભાવનગરમાં કે બીજે વસેલા ઘોઘારી વાણીઆ આ નગરનાં વાસીંદા હતાં. 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી'થી જણાય છે કે અહીંના શ્રેષ્ઠીઓ પૈકી શા. દેપાલ, શા. કુમાર, શા. ખીમક વગેરે અનેક શ્રાવકો સં. ૧૩૮૧ માં પાટણનાં એક મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર હતાં. આ ઉપરથી અહિંના શ્રેષ્ઠીઓની નામના તે તે ગામના પ્રતિષ્ઠિત સંઘમાં મુખ્ય લેખાતી હશે એમ જણાય છે. 'સોમસૌભાગ્ય કાવ્ય' થી જણાય છે કે, અહીંના વસ્તુપતિ નામના ધનાઢ્ય શ્રેષ્ઠી. જેનું બીજુ નામ વિરુપ પણ હતું. તેણે અસંખ્ય યાત્રાઓ પંદરમાં સૈકામાં કરી હતી * જેની વિગત નીચે છે આજે આ ગામ જીર્ણ થયેલું છે. અને પડતી દશામાં છે. છતાં જૈનોની પ્રાચીન જાહોજલાલીના પ્રતિકો સમાં ત્રણ વિશાળ જિનમંદિરો બે મોટી ધર્મશાળાઓ અને બે ઉપાશ્રયો મોજુદ છે. પ્રાચીન હસ્ત-લિખીત પોથીઓનો ભંડાર દર્શનીય છે ઉપાશ્રયોમાં અહિંના રહેવાશી શેઠાણીહરકોરબાઇનો બંધાવેલો એક વંડો છે. અહિંની ઘસાતી જતી વસ્તીમાં પણ હજુ શ્વેતાંબર જૈનોના ૨૦ ઘરો હયાત છે

* ગામના મુખ્ય ભાગમાં આવેલી ભજીપોળમાં ઉંચુ શીખરબંધી શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. આ મંદિર કેટલું પ્રાચીન છે તે વિશે જાણી શકાયું નથી પરંતુ

સંવત ૧૪૩૦માં ખરતરગચ્છાચાર્ય શ્રી જિનેન્દ્રસૂરિની અધ્યક્ષતામાં શ્રેષ્ઠી વીરા અને પૂરણે શત્રુંજય અને ગિરનારનો સંઘ કાઢયો એ સંબંધી સં. ૧૪૩૧ માં (એટલે એક વર્ષ પછી જ) શ્રી જિનોદયસૂરિએ મોકલેલા 'વિજ્ઞપ્તિપત્ર'માં ઘોઘાના નવખંડા પાર્શ્વનાથ ભગવાનને વંદન કર્યાનો ઉલ્લેખ આ પ્રકારે મળે છે:–

"ઘોઘાવલાકુલસ્થાને મહતરપ્રવેશમહોત્સવપુરસ્સરં શ્રી નવખંડા પાર્શ્વનાથજિનાધિરાજં પ્રાણમત્" ॥

આ ઉલ્લેખ ઉપરથી આ મંદિર એ પહેલાનું હોય એમ સિદ્ધ થાય છે વળી આ સ્થળ પ્રાચીન તીર્થોમાં ગણાવાયું છે. જે વિશે પંદરમી શતાબ્દીના શ્રી જિનભદ્રસૂરિકૃત 'અષ્ટોત્તર પાર્શ્વનામ સ્તવન' ઉપરથી જણાય છે. "પાલીતાણઈ પાપહર ઘોઘાપૂર નવખંડ"

ઘોઘાતીર્થ સૌરાષ્ટ્રમાં આવેલ પ્રાચીન તીર્થ છે. સૌરાષ્ટ્રની પંચતીર્થીમાં તેની આગવી ગણના છે. ભાવનગરથી ૧૪ માઇલ દૂર આવેલ આ તીર્થ ઘોઘાબંદર તરીકે વખણાય છે. વર્ષોનો ઇતિહાસ યાદ આપે છે કે પહેલા ઘોઘાબંદરની જાહોજલાલી હતી. ધંધામાં જેમ વિકસેલું હતું તેમ ધર્મથી પણ વિકસેલું હતું. પહેલા ભાવનગરનો વ્યવહાર ઘોઘા સાથે હતો આજે તો ભાવનગર વિકસેલું દેખાય છે.

જૈન પરંપરાનો ઇતિહાસ આજે પણ સાક્ષી પૂરે છે કે સં. ૧૧૬૮માં ઘોઘાના શા. હિરા નાણાવટી શ્રીમાલીએ વિશાળ જિનપ્રાસાદ બંધાવી તેમાં પૂ આ. મહેન્દ્રસૂરિની નિશ્રામાં તેઓશ્રીના હાથે પાર્શ્વનાથની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી હતી.

આ પ્રતિમાજીના નવખંડો (નવ કટકા) હતાં. એકવાર એક પુણ્યશાળીને સ્વપ્ન આવ્યું તેમાં અમુક સ્થાને પ્રતિમાજીના નવકટકા છે તેને બહાર કાઢો અને લાપસીમાં સાત દિવસ

રાખજો તો પ્રતિમાજી અખંડિત બહાર નીકળશે. આ રીતે સ્વપ્ન દર્શન થયા પછી સ્વપ્નમાં જે જગ્યા જોઇ હતી ત્યાંથી બહાર કાઢી તો મસ્તક, હાથ, પગ વગેરેથી ખંડિત થયેલા નવ કટકા પ્રાપ્ત થયાં તે લઈને પોતાના ઘર આંગણે લાવી લાપશી તૈયાર કરાવી તેમાં રાખ્યાં અને ઢાંકણુ લગાવી દીધું. એક દિવસ બે દિવસ એમ કરતા છ દિવસ વ્યતિત થયા ત્યારે ભાઇની અધીરાઈ વધી અને ઢાંકણુ ખોલતા પ્રતિમાજી બહાર નીકળ્યાં પણ સાંધાઓ દેખાવા લાગ્યાં પણ હવે શું થાય અવધિ પુરો થયો છેવટે સમય અને સંજોગે શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા થઈ ત્યારથી તે સ્થાન ઘોઘાતીર્થ તરીકે સુપ્રસિદ્ધ છે. હાલમાં તે પાર્શ્વનાથને નવખંડા પાર્શ્વનાથ તરીકે લોકો પૂર્ણશ્રદ્ધાથી પૂજા અર્ચના કરી તે તીર્થની યાત્રા કરી જીવનમાં ધન્યતા અનુભવે છે.

આ મંદિરની બાંધણી ભવ્ય અને વિશાળ છે. એનો રંગ-મંડપ વિસ્તારવાળો છે. આ મંદિરમાં જ બીજા ચાર દેરાસરોની રચના કરેલી છે. તેથી આ મંદિર દેરાસરોના ઝુમખાંથી એક ટુંક જેવો દેખાવ આપે છે. મૂળ ગંભારામાં મૂળ નાયક શ્રી પાર્શ્વનાથ ભગવાવનની સુંદર પ્રભાવશાળી મૂર્તિ ઉપર નવ આંકાઓ સ્પષ્ટ દેખાય છે અને તેથી આ મૂર્તિ 'નવખંડા પાર્શ્વનાથ ભગવાન'ના નામે ઓળખાય છે. કહે છે કે, આ મૂર્તિ ભાવનગરના પ્રાચીન સ્થળ વડવાના એક કૂવામાંથી નીકળી આવી હતી અને કાળાંતરે ઘોઘામાં લાવવામાં આવી.

આ મંદિરમાં એક સુંદર ધાતુમય પટ્ટ દર્શનીય છે. તેના ઉપર સં. ૧૭૨૦ આસો સુદી ૧૩ નો લેખ છે તેમાં શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનનો ઉલ્લેખ કર્યો છે. આ પટના મધ્ય ભાગમાં સમવસરણ છે તેની જમણી બાજુએ શ્રી શત્રુંજય અને આબુ તીર્થ તેમજ ડાબી બાજુએ ગિરનાર, અષ્ટાપદાવતાર અને સમેતશિખર તીર્થની રચના કરેલી છે. ઉપરના

ભાગમાં વીશ વિહરમાન જિન અને નીચેના ભાગમાં શ્રીનવ-પદજી છે. આ તીર્થપટ્ટ ઘસાઈ ગયેલો હોવા છતાં બારીકાઇથી જોતાં આ બધુ સ્પષ્ટ દેખાય છે. દરેક તીર્થ રચના ઉપર નામ કોરેલાં છે. બીજી મૂર્તિઓ સાથે સ્ફટિકની બે પ્રતિમાઓ પણ અહિં છે. કહેવાય છે કે, આ ઘોઘાનું, મહુવાનુ અને ત્રીજુ ઘોલેરાનું મંદિર એક જ શિલ્પીએ બાંધ્યુ હતુ અને ત્રણે મંદિરોની બાંધણી પણ એક સરખી છે.

નવખંડા પાર્શ્વનાથ પ્રભુના મંદિરની સન્મુખ (૧) શ્રી નેમિનાથ ભગવાનનુ દેરાસર છે. મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન છે. અને બીજી પ્રતિમાઓનો પરિવાર ઘણો છે આ બધી પ્રતિમાઓ પચીસેક વર્ષ પહેલા ઘોઘાથી દોઢ માઇલ દૂર દરીયામાં આવેલ પીરમબેટમાંથી ખડક ધોવાતા એક કુંડીમાંથી નીકળી આવી હતી.

## પીરમબેટ :—

આ પીરમબેટ સૌરાષ્ટ્રના પૂર્વ કિનારે આવેલા ઘોઘાથી ૭ ગાઉ દૂર ખડસલીયા નામે ગામના પૂર્વે કિનારે આવેલો છે. પીરમબેટ પ્રાચીનકાળે સમૃદ્ધિશાળી નગર હતું. અને તે બેટમાં જૈન દેવાલયો હતાં. પણ આજે એ બેટ ઉજ્જડ બની ગયો છે. એ સ્થળે આજે માત્ર એક દીવાદાંડી બાંધેલી જોવાય છે. લગભગ ૫૦–૬૦ વર્ષો પૂર્વે પીરમબેટની ખાડીમાંથી દરીયા-નું પાણી ઓસરી જતાં કોઈ ખારવાએ એક સુંદર પથ્થર જોયો ઘરકામ માટે ઉપયોગી થશે એવું સમજી એને ઉપાડવા જતાં તેની નીચે એક પથ્થરની કુંડી તેનાં જોવામાં આવી. એ કુંડીમાં પધરાવેલી ધાતુ અને પાષાણની કેટલીક જિન-મૂર્તિઓ તેને હાથ લાગી. તેમાંથી એક બે પ્રતિમાઓ લઇ

તે કોઈ શ્રાવક પાસે ગયો. ને બતાવી ત્યારે તેની યોગ્ય કિંમત આપી શ્રાવકે એ ખરીદી લીધી. અને બીજી મૂર્તિઓ હોય તો પણ તેને લાવવા જણાવ્યું. પછી તો ખારવાને લોભ લાગ્યો. છેવટે સરકારને ખબર પડતાં એ મૂર્તિઓ જપ્ત કરવામાં આવી અને અમદાવાદવાસી શેઠ મનસુખભાઈ ભગુભાઇએ કલેક્ટર સાથે પત્રવ્યવહાર કરી મૂર્તિઓ કબજે લઈ ઘોઘાના શ્રીસંઘને સુપ્રત કરી એમાંથી બધી મૂર્તિઓ મંદિરમાં અને નવખંડા પાર્શ્વનાથ જિનાલયમાં પણ મૂકેલી છે.

કેટલાકના કથન મુજબ શ્રીનવખંડા પાર્શ્વનાથનો મૂર્તિ પણ આવેલી મૂર્તિઓમાની એક હતી. બીજી મૂર્તિઓ પૈકી એક આશરે અઢી ફીટ ઉંચી અને બે ફીટ પહોળી તેમજ લગભગ એક ફુટ જાડા સ્વેત કરકરા પથ્થરમાં કોતરેલી મૂર્તિ ભોંયરામાં છે. આ મૂર્તિનો જમણો ભાગ ખંડિત છે. પબાસણ નીચે ઘણું કરીને ચૌદમી શતાબ્દીનો લેખ છે. પ્રભુની ઉપર ઘાતકી કે પિપ્પલ વૃક્ષ સુંદર રીતે કોરેલું છે.

પીરમબેટમાંથી નીકળેલી ઘણીખરી મૂર્તિઓ ઉપર વિક્રમની ચૌદમી સદીના લેખ કોતરેલ જોવાય છે. અને મોટે ભાગે પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિઓ છે. પ્રત્યેક પ્રતિમાનું પદ્માસન અને મૂર્તિની રચના ભવ્ય અને આકર્ષક છે.

(૨) ઉપર્યુક્ત શ્રી નેમિનાથ પ્રભુના દેરાસરની જમણી બાજુએ ઉત્તર દિશામાં સમવસરણનુ દેરાસર છે. તેમાં ધાતુમય મનોહર સમવસરણ છે ને બીજું પાષાણનું સમવસરણ બાજુએ છે. બંને ઉપર લેખ છે. પણ આરસના સમવસરણનો લેખ ઘસાઈ ગયેલો છે. ધાતુના સમવસરણ ઉપરનો અને બીજા લેખો મુનિશ્રી ધુરંધરવિજયજીએ આ પ્રકારે નોંધ્યા છે.

"स्वस्ति श्रीसंवत् १५११ वर्षे माघ शुदि ५ गुरौ गन्धारमन्दिरे श्रीमहावीरप्रासादे समवसरणं समस्तश्री-संघेन कारितं ।"

આ લેખથી જણાય છે કે આ સમવસરણ ગંધારના મહાવીરસ્વામીના મંદિર માટે ત્યાંના શ્રીસંઘે કરાવેલું હતું. જે કાળક્રમે ગંધારની અવનત સ્થિતિમાં અહીં લાવવામાં આવ્યું હશે. દરિયાવાટે ઘોઘાથી ગંધાર ઘણું નજીક છે. અને એક બીજા સ્થળે બંદરી વેપારનો વિનીમય થયા કરતો હતો. એ ઇતિહાસ પ્રસિદ્ધ બીના છે.

આ દેરાસરમાં બે પ્રાચીન ગુરુમૂર્તિઓ છે. તેના ઉપર ક્રમશઃ આ પ્રકારે લેખો જોવાય છે.

"सं. ९३५४ वर्षे पोष वदी ५ शनौ श्रीमोढज्ञातीय.... चन्द्रसूरीणांमूर्ति ।"

ઘસાઇ ગયેલા અક્ષરો અટસ્પષ્ટ છે મુનિ શ્રીધુરંધરવિજયજી કહે છે કે, "બહુબારીકાઇથી જોતાં 'श्री हेम' એમ હોવાની કલ્પના કરી શકાય છે. એટલે આ મૂર્તિ શ્રી હેમચંદ્રસૂરિજીની હોવાનો સંભવ તે. મોઢ જ્ઞાતિએ ભરાવેલ છે, તે પણ તેમાં વિશેષ સંગત થાય છે."

બીજી મૂર્તિ શ્રી ધર્મઘોષસૂરિની છે. આ મૂર્તિની આજુ-બાજુએ સાધુઓની આકૃતિ કાતરેલી છે. તેના ઉપર નામો પણ કોતરેલા છે. સૂરિમહારાજની આસપાસ શિષ્યવર્ગ કેવી રીતે બેસતો તેનો હુબહુ ખ્યાલ આથી આવે છે. આ મૂર્તિ ઉપરનો લેખ આ પ્રકારે છે :–

"....श्री श्रीदेवप्रभसूरिशिष्य श्रीधर्मघोषसूरीणां मूर्तिः । मा. साज्ञणभार्या पाठिश्रेयसे पद्मलया कारिता ॥

(૩–૪) શ્રીનવખંડા પાર્શ્વનાથ પ્રભુની ડાબી–જમણી બાજુએ બે દેરાસરો છે. એકમાં શ્રીસુવિધિનાથ ભગવાન અને બીજામાં શ્રી શાંતિનાથ ભગવાન છે. બંનેમાં બીજી પ્રતિમાઓનો પરિવાર ઘણો છે.

શ્રી સુવિધિનાથ ભગવાનની મૂર્તિ અગાઉ નીચેના ભોંયરામા હતી. જે વિશે ભોંયરાના એક ગભારામાં ઉત્તર દિશાની દિવાલ પરના એક લેખમાં સ્પષ્ટ ઉલ્લેખ છેઃ—

"संवत् १७६६ वर्षे फाल्गुन शुदि म. श्रीविजयक्षमासूरिराज्ये पं. रूपविजय प मीममकउपदेशात् गोघाबंदिरे मीठा सुंदर शेठाइमध्ये संघ आदेशात दे. चु धर्मशी बोरा संखजी लिंगजीकेन देवद्रव्येण भोयरं समरावितं म. श्री विजयरत्नसूरीश्वरशिष्य श्रीदेवविजयेन सं. १७८१ का. शुदि १३ दिने भोयरपति श्री ८ श्रीसुविधिनाथ पधरावितं श्रीः ।"

આ લેખ ઉપરથી બીજી એક ઐતિહાસિક વસ્તુ સ્પષ્ટ થાય છે કે. અહીંના સંઘનો બધો વહીવટ કરતી શેઠ કાળા મીઠાની પેઢી છે. તે નામ અહીં શ્રેષ્ઠી મીઠા સુંદરજીની શેઠાઇ વખતનું છે. તેમના પુત્ર કાળા શેઠ થયા. જેમના નામ ઉપરથી આ પેઢી સ્થાપવામાં આવી. એમ સ્પષ્ટ થાય છે. એથી આ પેઢી વિશેની બીજી કલ્પનાઓ દંતકથા ઠરે છે.

આ રીતે મૂળ મંદિર સાથે આ પાંચે મંદિરો એકી સાથે આવેલા છે. આ ઉપરથી પણ આ મંદિરની વિશાળતાનો ખ્યાલ આવી શકે એમ છે.

શ્રી નેમિનાથ પ્રભુના દેરાસરની બંને બાજુએ લાંબી પરસાલ છે. તેમાં એક ઉંડુ અને વિશાળ ભોંયરુ છે. એ ભોંય-

રામાં અગાઉ મૂર્તિઓ સ્થાપન કરેલી હતી એમ ઉપરના લેખ પરથી જણાય છે. આ પરસાલ ઉપરના ભાગોમાં બે વિશાલ અને ઉંચા કુરઝા મનોહર છે. મંદિરોના બહારના ભાગમાં શેઠ કાળા મીઠાની પેઢી છે. નજીકમાં ઉપાશ્રય છે અને કોટના દરવાજા ઉપર નગારખાનું છે.

૨. એ જ ભજીપોળમાં શ્રી ચંદ્રપ્રભુનું શિખરબંધી સુંદર મંદિર છે. આ મંદિર સૌથી પ્રાચીન હોવાનું કહેવાય છે. મંદિરની બાંધની શ્રી કુમારપાળના સમયની હોય એમ જણાય છે. મંદિરની આગળ વિશાળ ચોક છે અને મૂળ ગભારામાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ ભગવાનની સ્મરણીય મૂર્તિ છે. બાજુના એક ગોખલામાં શ્રી શ્રીવિજયદેવસૂરિની પાદુકા છે. તેના ઉપર સં. ૧૭૧૯ કાર્તિક સુદી-૧૩ને સોમવારનો લેખ છે. આ મંદિરમાં પ્રાચીન અવશેષો ઘણા છે. એ ઉપરથી પણ એની પ્રાચીનતાનો ખ્યાલ બંધાય છે. છતમાં સુંદર ચિત્રકામ કરેલું છે.

૩ ગામની દક્ષિણ બાજુએ જીરાવાલીપોળમાં શિખરબંધી સુંદર અને વિશાળ મંદિર છે. તેમાં મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે. આ મંદિરમાં સં. ૧૩૫૭ના લેખવાળી આચાર્ય મહારાજની ભવ્ય મૂર્તિ છે. તેનો આખો લેખ દબાઈ ગયેલો હોવાથી આ મૂર્તિ કયા આચાર્યની છે. એ જાણી શકાતું નથી.

૧ :

૨ : "જૈન સત્યપ્રકાશ" વર્ષ : ૧૪, અંક ૨

૩ : એજન, વર્ષ : ૧૦, અંક : ૯.

જય જિનેન્દ્ર

# જે તારે તે તીરથ રે....

અનાદિકાળથી પરિભ્રમણ કરતાં કરતાં મહાપુણ્યયોગે મનુષ્ય જન્મની પ્રાપ્તિ થઈ છે અને સાથે સાથે સમ્યગ્દેવ, ગુરુ અને ધર્મની પ્રાપ્તિ થઈ છે, આવી ઉત્તમ ધર્મ સામગ્રીને શ્રદ્ધા, સત્ત્વ અને શક્તિ દ્વારા પ્રાપ્ત કરનારા ભાગ્યશાળીઓ મનુષ્યજન્મને સાર્થક કરી મુક્તિપદને પ્રાપ્ત કરે છે. તેમાં પણ તીર્થની સેવા અને યાત્રા ભાવપૂર્વક કરનારા પુણ્યાત્માઓ ભવસમુદ્રને તરી જાય છે અને મુક્તિ કિનારે પહોંચે છે.

હે પુણ્યશાળીઓ! પરમ પાવન તીરથમાં આવીને તમે પણ ભાવના અને શક્તિ પ્રમાણે તન કરી મુક્તિપદને પ્રાપ્ત ક ીર્થની ભક્તિ કરો ર્થની સેવા અને યાત્રા
પુણ્ય ભવસમુદ્રને
મુક્તિ કિનારે પહોંચે છે

આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ, સુતારવાડ, ભાવનગર